## જન્મદિને વધામણી


ભુપેન્દ્ર બી રાવલ
મો. ૯૮૨૫૪ ૮૫૪૦૩


વિનોદ ડી શર્મા (જોષી)
નિવૃત્ત શિક્ષક, નારદીપુર
મો. ૯૯૨૪૪ ૮૯૯૦૧


મેઘા જે વશિષ્ઠ
મો. ૯૦૩૩૩ ૬૯૭૦૮


બિનલ શૈલેષ મુનશી
સલાહકાર, એલઆઈસી, જીઆઈસી
મો. ૯૮૨૫૭ ૮૭૬૪૭


ભવ્ય પાર્થિવકુમાર ભાવસાર
મો. ૯૯૧૩૧ ૫૯૭૪૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનાં સ્વયંસેવિકાઓનો

# વાર્ષિક ઍનઍસઍસ શિબિર સંપન્ન

## કૅમ્પ દરમિયાન ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્તન અને ગર્ભાશયના કૅન્સર માટેના નિદાન માટેના નિઃશુલ્ક કૅમ્પનું આયોજન કરાયું : વિદ્યાર્થીનીઓએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો

ગાંધીનગર, તા. ૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટનો વાર્ષિક કૅમ્પ ઉવારસદ ગામમાં યોજાયો હતો.

આ કૅમ્પનું થીમ 'ગ્રામ ચેતના અને સ્વચ્છ ગ્રામ' હતું, જે દરમિયાન ઍનઍસઍસની વૉલન્ટિયર્સ વિદ્યાર્થીનીઓએ એક સપ્તાહ સુધી ગામમાં જ રોકાઈને ગ્રામ સફાઈ અને જાગૃતિના કાર્યક્રમોમાં સક્રિય યોગદાન આપ્યું હતું.

ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રૉ. ભરતસિંહ રાવે આ કૅમ્પ દરમિયાન અમદાવાદ કૅન્સર હૉસ્પિટલના સહયોગથી ઉવારસદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ગામની મહિલાઓના લાભાર્થે સ્તન અને ગર્ભાશયના કૅન્સરના નિદાન માટેના નિઃશુલ્ક કૅમ્પનું આયોજન કર્યું હતું, જેનો લાભ મહિલાઓએ મોટા પ્રમાણમાં લીધો હતો. ત્રણ કેસ શંકાસ્પદ જણાતાં તેમને અમદાવાદ સિવિલ હૉસ્પિટલ ખાતે રિફર પણ કરવામાં આવ્યા હતા.

કૅમ્પના સમાપન સમયે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્વયંસેવક વિદ્યાર્થીનીઓએ 'બેટી બચાવો, બેટી પઢાવો' વિષયક નાટક ઉપરાંત ગરબા, ટીમરી નૃત્ય પણ રજૂ કર્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરની સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) અને ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર તાલુકા બ્રાન્ચ દ્વારા આત્મહત્યા નિવારણનો સંદેશ આપતા નાટક 'જીવન અમૂલ્ય છે'નું



મંચન કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારના માન્યતાપ્રાપ્ત કલાકાર કુંતલ નિમાવત દ્વારા લિખિત-દિગ્દર્શિત આ નાટકમાં શહેરના આશાસ્પદ કલાકાર ફાલ્ગુન નંદા, પ્રતીક હીરપરા, ધ્રુવ પંચાસરા, મહેન્દ્ર હડીયા, અર્થ સાધુ, દેવલ રામાવત, આકાશ ગોહિલ, ગાયત્રી પંચાલ, પ્રીતિ મહેતા, નિકીતા પરમાર, પ્રતિક્ષા નિમાવત, સાબિર મલેક, પર્વ નિમાવત, દિલીપસિંહ ઝાલા અને મૌન સાધુએ પોતાના મૌલિક અભિનય દ્વારા અસરકારક અને હૃદયસ્પર્શી સંદેશ આપ્યો હતો અને સાચા કલાકારોની સમાજ પ્રત્યેની નિસબતની પ્રતીતિ કરાવી હતી. કૅમ્પના સફળ આયોજન અને વ્યવસ્થામાં સંપૂર્ણ સહકાર આપવા બદલ સરપંચ ગૌરીબેન ઠાકોર, ખુશાલજી ઠાકોર, પૂર્વ ડેપ્યુટી સરપંચ ભાલુસિંહ ઠાકોર અને પૂર્વ સરપંચ ગોરધનભાઈ પટેલનો પ્રૉ. ભરતસિંહ રાવે આભાર માન્યો હતો.

કૉલેજના આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ કૅમ્પની મુલાકાત લઈ સ્વયંસેવિકાઓને શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી અને પૂર્વ પ્રમુખ મણિભાઈ ચૌધરીએ આ સમાજસેવી વિદ્યાર્થીનીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

## ડીપીઍસના બે વિદ્યાર્થીઓ સ્ટેટ ટે-ક્વોન-ડોમાં ઝળક્યા



ગુજરાત સ્ટેટ ઍમેચ્યોર ટૅક્વોન ડો ઍસોસિએશન દ્વારા આયોજિત ૨૬મી સ્ટેટ ચૅમ્પિયનશીપ ટુર્નામૅન્ટ ખોખરા સ્પોર્ટ્સ સંકુલ, અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરનાં વિદ્યાર્થીની અવિ ગોરસીયાએ ગોલ્ડ અને કૃપલ પટેલે બ્રૉન્ઝ મૅડલ પ્રાપ્ત કર્યો હતો. શાળાનું ગૌરવ વધારનાર આ બંને વિદ્યાર્થીઓને શાળા પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.



ઍસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે મોક પાર્લામૅન્ટનું આયોજન બુધવારે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સંસદના કાર્યથી વાકેફ થાય તે હેતુથી શાળા દ્વારા સંસદ પ્રતિકૃતિની રચના કરવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ સાંસદ બનીને સંસદની કાર્યવાહી ચલાવી હતી અને સમગ્ર દેશમાં એક અભ્યાસક્રમ, નારી સશક્તિકરણ, સ્કૂલનું શારીરિક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા જેવા વિષયો પર સમૂહ ચર્ચા કરી હતી. કાર્યક્રમનું સંચાલન શિક્ષક સુહાસ ચૌધરીએ કર્યું હતું. સ્કૂલની વેબસાઈટ પર આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. આચાર્ય મિલી સિંઘના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## તાલુકાના ગ્રામ પ્રેરકો માટે તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા નાયબ નિરંતર શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ગાંધીનગર, કલોલ, માણસા અને દહેગામ ચારેય તાલુકાની એક દિવસીય ગ્રામ પ્રેરક તાલીમ યોજવામાં આવી હતી, જેમાં ગાંધીનગર અને માણસા તાલુકાના ૭૦ પ્રેરકો અને કલોલ તાલુકાના ૬૦ પ્રેરકોએ ઍસટીટીઆઈ, સૅક્ટર-૧૨, ગાંધીનગર ખાતે તાલીમ લીધી હતી. દહેગામ ખાતે ૮૦ પ્રેરકોની તાલીમ યોજવામાં આવી હતી. સાક્ષરતા અને નિરંતર શિક્ષણની




કચેરી, ગાંધીનગરના નિયામક આર ઍમ પગીએ આ પ્રસંગે ઉપસ્થિત રહી સમગ્ર યોજના અંગે પ્રેરકોને તાલીમ પૂરી પાડી હતી. રાજ્ય પ્રૌઢ શિક્ષણ કેન્દ્રના નિયામક ડૉ. લક્ષ્મણભાઈ અવૈયાએ ત્રણેય દિવસની તાલીમમાં પ્રેરકોની ભૂમિકા સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે પ્રેરકો માટે નિરક્ષરોને સાક્ષર કરવા એ પડકાર છે, તે પડકારને ઝીલી લઈ દેશનું કલંક દૂર કરવા તેમણે દેશને ૧૦૦ ટકા સાક્ષર બનાવવા પ્રેરકોએને આહ્‌વાન કર્યું હતું. જન શિક્ષણ સંસ્થા, કલોલના દીનાબેન ચોકસીએ આ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગાંધીનગર જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી આર એ સોલંકીએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં ગ્રામ પ્રેરકો તરીકે ૯૫ ટકા બહેનો છે, જેઓ માતૃહૃદયથી નિરક્ષરોને સાક્ષર કરવા પ્રયત્ન કરશે. સમગ્ર તાલીમ શિબિરને સફળ બનાવવા માટે રાજ્ય સંયોજક વંદનાબેન પટેલ, જિલ્લા સંયોજક હસમુતીબેન શ્રીમાળી, ઉષાબેન પટેલ, ગીતાંજલિ ચાવડા, તાલુકા સંયોજક દિવ્યાંગ ચાવડા અને વિજયભાઈ જયસ્વાલે જહેમત ઊઠાવી હતી.

## મૅડિકલમાં પ્રોરેટાના મામલે વાલીઓ દ્વારા ધરણાં કરાશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાતમાં છેલ્લે કેટલાક સમયથી મેડિકલમાં પ્રવેશ માટે પ્રોરેટા યથાવત્ રાખવાની માગણી સાથે વાલીઓ આંદોલન ચલાવી રહ્યા છે. આગામી તા.૧૮મી ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે વાલીઓએ ધરણાં કરવાની પણ જાહેરાત કરી છે. વાલીઓ દ્વારા શિક્ષણ મંત્રીને મળીને પણ રજૂઆત કરવામાં આવી હતી. પ્રોરેટા અંગે સરકાર શું કરવા માગે છે તે અંગેનું ચિત્ર સ્પષ્ટ ન થતાં વાલીઓ દ્વારા હવે આ મુદ્દે ઉગ્ર આંદોલન કરવાની કવાયત પણ શરૂ કરી દેવામાં આવી છે. રાજયમાં ચાલુ વર્ષે મેડિકલમાં નીટના આધારે પ્રવેશ ફાળવવાનું નક્કી કરાયું છે. નીટ સેન્ટ્રલ બોર્ડના સીલેબસ પ્રમાણે લેવાશે. ગુજરાતના વિદ્યાર્થીઓ ને નીટમાં મુશ્કેલી નડે તેમ છે. આમછતાં હાલ વિદ્યાર્થીઓ નીટ માટેની તમામ તૈયારીઓ કરી રહ્યા છે. આ સ્થિતિમાં જો પ્રોરેટા કાઢી નાંખવાનો નિર્ણય કરવામાં આવે તો વિદ્યાર્થીઓ માટે 'પડતાની ઉપર પાટુ' જેવો ઘાટ સર્જાય તેમ છે.



ગાંધીનગર, તા. ૮

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉલેજ ઑફ કૉમ્પ્યુટર ઍપ્લિકેશન (બીબીએ પ્રોગ્રામ) અને ચૌધરી કૉમર્સ કૉલેજ (બીકૉમ પ્રોગ્રામ)માં વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અવારનવાર સહ અધ્યયન પ્રવૃત્તિઓ યોજાતી હોય છે, જેના ભાગરૂપે મંગળવારે ટાઇ ઍન્ડ ટાઇ બાંધણી વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. આકાર ઍકેડેમી ઑફ આર્ટના મિતુલ પંડ્યા તથા ભાવેશ ઝાલા દ્વારા વિદ્યાર્થીનીઓને બાંધણી ટાઇ કરવાની જુદી જુદી રીત જેવી કે રાઇદાણા, શિબોરી, પિલ્ટ્સ, ફોલ્ડ, સ્પાઈરલ, રોલ વગેરે શીખવવામાં આવી હતી. બાંધણીને ટાઇ કર્યા પછી ટાઇ કરવાની ટૅકનીક પણ શીખવવામાં આવી હતી.

આ તાલીમ બાદ વિદ્યાર્થીનીઓ દ્વારા પોતાની આગવી રીતે બાંધણીની વિવિધ ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. વર્કશૉપના ઈન-ચાર્જ તરીકે બીસીએ કૉલેજનાં સર્વાંગી શાહ અને બીકૉમ કૉલેજનાં દિશા પોપટે ફરજ અદા કરી હતી. કૉલેજના આચાર્ય પ્રશાંત વાઘેલાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

### ડાયરેક્ટ ❤ સે

સારા વિચારોને પકડી શકે એ માણસને હાથમાં માળા પકડવાની જરૂર નથી પડતી

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
રઈસ
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
કુંગ ફુ યોગા (હિન્દી)
૧.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
કુંગ ફુ યોગા (અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૩**
ધ ગ્રેટ વૉલ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૬.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, અંગ્રેજી)
૨.૩૦, ૮.૩૦
રૅસીડૅન્ટ ઍવિલ (૩ડી, હિન્દી)
૪.૩૦

**સ્ક્રીન-૪**
શુભ આરંભ (ગુજરાતી)
સવારે ૧૦.૦૦
કાબિલ
૧૨.૪૫
સુપરસ્ટાર (ગુજરાતી)
૩.૪૫
દંગલ
૬.૪૫
ગુજ્જુ રૉક્સ (ગુજરાતી)
૯.૪૫

**સ્ક્રીન-૫**
કુંગ ફુ યોગા (હિન્દી)
સવારે ૧૦.૦૦
રઈસ
૧૨.૩૦
કાબિલ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

## જે બી સ્કૂલના વિદ્યાર્થીઓ દાંડી કુટિરની મુલાકાતે

ગાંધીનગર, તા. ૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાઈમરી સ્કૂલના ધોરણ૭ના ૪૭૦ વિદ્યાર્થીઓએ તાજેતરમાં દાંડી કુટિરની મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ ગાંધી જીવન ચરિત્ર વિશેની રસપ્રદ માહિતી મેળવી હતી. તેમણે દાંડી કુટિરના પ્રદર્શનને નિહાળી મહાત્મા ગાંધીનાં જીવન મૂલ્યોને પોતાના જીવનમાં સ્થાન આપવાની તથા એક સારા નાગરિક તરીકે પોતાની ફરજો સમજી રાષ્ટ્ર માટે સત્ય, અહિંસા અને સ્વચ્છતાનાં મૂલ્યોને મહત્ત્વ આપી ઉચ્ચકક્ષાનું જીવન જીવવાની શીખ મેળવી હતી.

## રાજ્ય ટૅનિસ ક્રિકેટ સ્પર્ધામાં જીઆઈપીઍસના ખેલાડીઓ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજાના વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્ય ટૅનિસ ક્રિકેટ સ્પર્ધામાં પસંદગી પામીને શાળા તથા ગાંધીનગરશહેરના ગૌરવમાં વધારો કર્યો છે.

ટૅનિસ ક્રિકેટ સ્પર્ધાના અન્ડર-૧૯ ભાઈઓના વિભાગમાં સ્કૂલના ધોરણ-૧૧ કૉમર્સના વિદ્યાર્થી મીત ભરતભાઈ ચૌધરી અને મૂલસિંહ શાંતુસિંહ વાઘેલા રાજ્યની ટીમમાં પસંદગી પામ્યા છે, જેમને શાળા પરિવાર વતી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

### 'મારી યાદગાર સ્કૂલ'